**અનામત અને રોસ્ટર પ્રથા —જગ્યા આધારિત આર.કે.સભરવાલ અને અન્ય વિરુધ્ધ પંજાબ સરકાર અને અન્યના કેસમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાના અમલીકરણ અંગે સ્પષ્ટતાઓ કરવા બાબત..**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પવસ–૧૦૯૯–મુમ–૧૩–ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તા. 16 DEC 2004

વંચાણે લીધા :– (૧) સા.વ.વિ.નો તા.૨૫/૬/૮૨ના ઠ. ક્ર. પવસ–૧૧૮૨/ ૫૧૨/ગ.૩
(૨) સા.વ.વિ.નો તા.૮/૩/૯૯નો ઠ. ક્ર.પવસ–૧૬૯૬/૮૭૮/ગ.૪
(૩) સા.વ.વિ.નો તા.૩૧/૮/૯૯નો પ.ક્ર.પવસ–૧૬૯૬/૮૭૮/ગ.૪
(૪) સા.વ.વિ.નો તા.૨૯/૧/૨૦૦૦નો ઠ. ક્ર. પવસ/૧૦૯૯/મુમ–૧૩–ગ.૪
(૫) સા.વ.વિ.નો તા.૧/૩/૨૦૦૦નો ઠ. ક્ર. પવસ/૧૦૯૮/૧૭૩૦/ગ.૪
(૬) સા.વ.વિ.નો તા.૫/૯/૨૦૦૦ના ઠ.ક્ર.પવસ/૧૬૯૬/૮૭૮/ભાગ–૨૭/ગ.૪
(૭) સા.વ.વિ.નો તા.૧૫/૨/૦૧નો ઠરાવ ક્રમાંકઃસીઆરઆર–૧૦૨૦૦૦–જીઓઆઈ–૭–ગર
(૮) ભારત સરકારના કર્મચારીગણ, લોકફરીયાદ અને પેન્શન મંત્રાલયના કર્મચારીગણ અને તાલીમ વિભાગનો તા.૪/૬/૨૦૦૩નો પત્ર ક્રમાંકઃ ૩૬૦૨૮/૭/૨૦૦૦/ઈએસટીટી(આરઈએસ)
(૯) સા.વ.વિ.નો તા.૨૩/૯/૦૩નો પરિપત્ર ક્રમાંકઃપવસ–૧૦૯૬–મુમ–૧૩–ગ.૪

## //પરિપત્ર//

રાજય સેવાઓ અને જગાઓમાં કોઈપણ ભરતી પ્રસંગે અનામતની જગાઓ કુલ જગ્યાઓની ૫૦ ટકાની મર્યાદામાં નિયત કરવા બાબતે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ(૧) સામેના સા.વ.વિ.ના તા.૨૫/૬/૮૨ના ઠરાવથી જરુરી જોગવાઈ કરવામાં આવેલી છે. તેમજ ક્રમઃ(૨) સામેના સા.વ.વિ.ના તા.૮/૩/૯૯ના ઠરાવથી પણ કુલ અનામત કોઈપણ સંજોગોમાં સંવર્ગના ૫૦ % થી વધે નહિ તે ધ્યાનમાં રાખીને રોસ્ટર ક્રમાંકો તૈયાર કરવા તેમજ તેની અમલવારી અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. જે અંગે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ(૩) સામેના સા.વ.વિ.ના તા.૩૧/૮/૯૯ના પરિપત્રના મુદ્દા ક્રમાંક (૧૬) માં વિશેષ સ્પષ્ટતા કરેલી છે. અનામત વર્ગોને અપાતી છુટછાટ અને રાહતો સંદર્ભમાં ઉપરોકત વંચાણે લીધેલ ક્રમઃ (૪) સામેના સા.વ.વિ.ના તા.૨૯/૧/૨૦૦૦ના પરિપત્રથી જે વ્યકિતઓ અનામતના હિસાબે નહિ પરંતુ તેમની પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામી નિમાયેલા હોય તેમને તેમના અનામત નિર્ધારિત કવોટા સામે નહિ પરંતુ બિન–અનામત ઉમેદવાર તરીકે ગણવાના છે તેમાં બિન–અનામત તરીકે કોને ગણવા તે અંગેની વિશેષ સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. જયારે ઉપરોકત ક્રમ (૫) સામેના સા.વ.વિ.ના તા.૧/૩/૨૦૦૦ના ઠરાવથી અનુ.જનજાતિ ૧૪ ટકાની અનામતમાં ૧ ટકાનો વધારો કરી ૧૫ ટકાની ટકાવારી અમલમાં લાવવાનું સરકાર ધ્વારા નકકી થતાં ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ (૬) સામેના સા.વ.વિ.ના તા.૫/૯/૨૦૦૦ના ઠરાવથી અનુ.જાતિ માટે ૭ % અનુ.જનજાતિ માટે ૧૫ % અને સા.અને શૈ.પછાત વર્ગો માટે ૨૭ % લેખે સુધારેલ જગ્યા આધારિત નમુનારુપ રાજયકક્ષાની સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંકો પ્રસિધ્ધ કરવામાં આવેલા છે. આમ છતાં કેટલાક મુદાઓ ધ્વારા સ્પષ્ટતાઓ અંગે વિવિધ રજૂઆતો સા.વ. વિભાગે મળેલ હતી જેઅંગે જરુર જણાતા સા.વ.વિભાગ ધ્વારા ભારત સરકારનું જરુરી માર્ગદર્શન મંગાવવામાં આવેલ હતું. આ અંગે ભારત સરકારના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ (૭) સામેના તા.૪/૬/૦૩ના પત્રથી થયેલ સ્પષ્ટતાઓને અનુલક્ષીને નીચે જણાવેલ મુદાઓ સામે જરુરી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે, જેનો અમલ તા.૮/૩/૯૯થી કરવાનો રહેશે.

| ક્રમ | મુદ્દો | | સ્પષ્ટતા |
|---|---|---|---|
| ૧. | સા.અને શૈ. પછાતવર્ગો માટે તા.૧/૪/૭૮ પહેલા અનામતની જોગવાઈ ન હતી. તા.૧/૪/૭૮ થી આ વર્ગો માટે વર્ગ--૧ અને વર્ગ--૨ માં ૫ % અને વર્ગ--૩ અને વર્ગ--૪ માં ૧૦ % અનામતની જોગવાઈ કરવામાં આવેલી હતી. જ્યારે તા.૧/૫/૯૪ થી સા.અને શૈ. પછાત વર્ગો <u>માટે ૨૭ % અનામત સરકારી સેવાઓ</u> અને જગાઓમાં રાખવાની જોગવાઈ થયેલી છે. આ સંજોગોમાં નમુનારુપ જગ્યા આધારિત રોસ્ટરો કઈ રીતે તૈયાર કરી તેનો અમલ રવાનો રહે છે? | ૧. | જગ્યા આધારિત રોસ્ટરનો અમલ જગ્યા આધારિત અનામત નીતિના અમલ બાબતે સા.વ.વિ.ના તા.૮/૩/૯૯ના ઠરાવ મુજબ તે તારીખની અનામતની ટકાવારીને ધ્યાને લઈ કરવાનો રહે છે. |
| ૨. | ફકત અને માત્ર એક જગાના સંવર્ગમાં અનામત લાગુ પડે છે કે કેમ ? | ૨. | નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એન્જીનીયરીંગ અને રીસર્ચ, ચંદીગઢના કેસમાં અપાયેલ ચુકાદા અનુસાર એક જગાના સંવર્ગમાં અનામત રાખવાની રહેતી નથી |
| ૩. | સા.વ.વિ.ના તા.૮/૩/૯૯ અને તા.૫/૯/૨૦૦૦ના ઠરાવથી થયેલ જોગવાઈ અને અપાયેલ સૂચનાઓ અનુસાર બે થી વધુ પરંતુ ૧૪ થી ઓછા એવા નાના સંવર્ગોમાં નમુના રુપ આપેલ રોસ્ટર ક્રમાંકોનો પ્રથમ ઉભા કોલમ અને ત્યારબાદ આડી લાઈનમાં અંગ્રેજી ' L ' આકારમાં અમ કરવાનો રહે છે. પરંતુ આ ' L ' આકારમાં અમલવારી પૂર્ણ થઈ ગયા બાદ આ નાના સંવર્ગોમાં કઈ રીતે રોસ્ટરની અમલવારી કરવાની રહે છે ? | ૫. | બેથી વધુ પરંતુ ૧૪ થી ઓછા એવા નાના સંવર્ગોમાં અંગ્રેજી ' L' આકારમાં દર્શાવેલ નમુનારુપ રોસ્ટર ક્રમાંકોમાં બધા જ ક્રમાંક પૂર્ણ થઈ જાય અર્થાત ' L' આકારમાં અમલવારી પૂર્ણ થઈ ગયા બાદ ફરીએક નંબરના રોસ્ટર ક્રમાંક થી ' L' આકારમાં અમલવારી કરવાની રહે છે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( આઈ.એન.સોલંકી )**
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
×સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસ ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે ખાતાના / કચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
વિશિષ્ટ ફાઈલ.

---

× પત્ર ધ્વારા.